Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગાંધી યુગીન ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામો ઈ.સ.૧૯૧૮ થી ઈ.સ.૧૯૪૨

Mr.Rakeshkumar S.Patel
Research Scholar, Cultural and History Department, Gujarat Vidyapith,Ahmedabad

Dr.K.G.Patel
Head & P.G.In charge History Department, M.N.College Visnagar

**સારાંશ-** ૨૧મી સદીનો પ્રારંભિક સમયગાળો એટલે ગાંધીજીના સત્યાગ્રહનો શતાબ્દી સમયગાળો એટલે કે, ગાંધીજીના દક્ષિણ આફ્રીકાથી ભારતમાં સ્થાયી થયા બાદ જે સફળ અહિંસક લડતો બ્રિટીશ સરકાર સામે લડી હતી એને આ ૨૧મી સદીના પ્રારંભિક કાળમાં ૧૦૦ વર્ષ પૂર્ણ થયા. આજે તો આઝાદી પ્રાપ્તિના પણ ૭૦થી વધુ વર્ષ થયા. ગાંધીયુગના સફળ સત્યાગ્રહોના આજે શતાબ્દી વર્ષોના સમયે અહી એ ઘટનાઓને પુન:યાદ કરવાનો અને સમાજને એમના કાર્યોથી વાકેફ કરવાના આશયે પ્રસ્તુત લેખ પ્રકાશિત કરી રહ્યા છીએ. મોહનદાસ કરમચંદ ગાંધી અને એમની ટોળી સત્યાગ્રહ, અહિંસા, રચનાત્મક કર્યો, શિક્ષણ, સ્વચ્છતા જેવી બહુવિધ પ્રવૃત્તિઓ થકી દેશને આઝાદી તરફ લઇ ગયા અને સમાજનો સાચો વિકાસ કર્યો. સરદાર પટેલ જેવા સ્પષ્ટ વકતા, નહેરૂ જેવા ઉત્સાહી સાથીદારો ગાંધીના આઝાદીની લડતના અમોઘ શસ્ત્રો હતા. અને એ સિવાય પણ બીજા લાખો અનુયાયીઓ ગાંધીજીનો પડ્યો બોલ જીલવા તૈયાર હતા. એક આખી અહિંસક સૈનિકોની સેના સાથે ગાંધીજીએ હિંદના વિકાસને નવી દિશા, વિશ્વને નવો વિચાર આપ્યો.

**ચાવીરૂપ શબ્દો**-સત્યાગ્રહ, મિલમાલિક, ખેડૂતો, મહેસુલ, અંગ્રેજો, સ્વદેશી

**પ્રસ્તાવના**-ઈ.સ.૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા બાદ તેમને સ્વાતંત્ર્યની લડત માટે અમદાવાદને કર્મભૂમિ બનાવી જે આપણ ગુજરાતીયો માટે ગૌરવની બાબત કહેવાય અને અહીંથી જ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત કરી. ઈ.સ.૧૯૧૫ થી છેક ઈ.સ.૧૯૪૮માં તેમના મૃત્યુ પર્યંતનો સમય ગાંધી યુગ તરીકે ઓળખાય છે

ગાંધીજી એ શરૂઆતમાં જ ૨૫મી મે ૧૯૧૫માં અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમ કોચરબની સ્થાપના કરી. જે ઈ.સ.૧૯૧૮મા પાછળથી સાબરમતી નદીના નામ ઉપરથી ‘સાબરમતી આશ્રમ’ તરીકે જાણીતો થયો. આ સમયગાળા દરમિયાન ગુજરાત પ્રદેશનું રાજકીય નકશા પર તેનું સ્થાન નહીંવત હતું. વ્યાપાર રોજગાર સિવાય અન્ય ક્ષેત્રોમા તેનો પ્રભાવ નહીંવત હતો. તેમાંથી આજે ગુજરાત હિંદના નકશા પર શોભે એવું સ્થાન પામ્યું છે તેનું શ્રેય મહાત્મા ગાંધી અને સરદાર પટેલને ફાળે જાય છે આપણા અક્ષરવર્ય સ્વ.આનંદશંકર ધ્રુવે યથાર્થ રીતે કહ્યું છે કે, “આ નવો જમાનો ગાંધીજીનું બાળક છે.”

ગાંધીજીના આગમન પૂર્વે મહાસભાની વાર્ષિક બેઠકોમાં લાંબા ઠરાવો કરી સરકારને વિનંતીઓ કરતી હતી. મૂળભૂત પ્રશ્નો અને શિક્ષિત લોકો સિવાયની મોટાભાગની જનતા

અપરિચિત હતી સત્ય અને અહિંસાને વરેલા ગાંધીજી એ અસહકાર અને સત્યાગ્રહના અમોઘ શસ્ત્રો તેમજ રચનાત્મક કર્યો વડે જનસમૂહમાં જાગૃતિ આણી અને રાજકીય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રે ક્રાંતિ આણી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિરૂપી ધ્યેય સિદ્ધિ અંગે ઈ.સ.૧૯૨૦-૨૧, ઈ.સ.૧૯૩૦-૩૨ અને ઈ.સ.૧૯૪૨ની હિન્દ છોડો ચળવળનું તેમને સંચાલન કર્યું અને લડતના સેનાની તરીકે સમગ્ર દેશને માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત ગુજરાતના સ્થાનિક પ્રશ્નો જેવા કે, વિરમગામની જકતાબરી, અમદાવાદમાં મિલ મજુરના પ્રશ્નો, ખેડા, બારડોલીના ખેડૂતોના પ્રશ્નો, બોરસદના બહારવટિયા અને શિક્ષણાત્મક દંડનો પ્રશ્ન વગેરે બાબતો અંગે સરકારની જુલ્મી નીતિની અસહકારના શસ્ત્રો દ્વારા ગાંધીજીએ સામનો કર્યો હતો અને પ્રજાને વિજય અપાવ્યો હતો.

આવા ગાંધી યુગના સ્વાતંત્રય સંગ્રામો વિશે આજે જયારે આપણે એના શતાબ્દી વર્ષોની ઉજવણી કરી રહ્યા હોઈએ ત્યારે કેમ કરી ભૂલાય? સત્ય-અહિંસા, ઉપવાસ જેવા શસ્ત્રો જેનાથી આપણને આઝાદી અપાવી જેનો ઉપયોગ આજે વિવિધ વિરોધ પ્રદર્શનોમાં કરવામાં આવે છે એ આ મહામાનવની વિશ્વને દેન છે આવા ગુજરાતની ભૂમિ પર કરેલા તેમના સત્યાગ્રહો વિશે આજે આપણે જોઈશું.

**વિરમગામની જકાતબારી-** ઈ.સ.૧૯૧૭મા મુંબઈથી રાજકોટ જતા વઢવાણ સ્ટેશને મોતીલાલ દરજી ગાંધીજીને મળ્યા અને વિરમગામની જકાતબારીનો ત્રાસ દુર કરવા તેમને વિનંતી કરી. ગાંધીજીએ પ્રથમ મુંબઈના ગવર્નરને મળીને આ કેસની વિગત સમજાવી પણ આ પ્રશ્ન મધ્યસ્થ સરકારના જકાત અને રેલવે ખાતાને સ્પર્શતો હોઈને ગાંધીજીએ વાઈસરોય લોર્ડ ચેમ્સફર્ડને જકાતબારીને કારણે પ્રજાને પડતી હાડમારીની વાત કરી. સૌરાષ્ટ્રના રાજવીઓએ પણ તે દુર કરવા માંગણી કરી હતી. તેમના બંદરોના વિકાસ આડે આ જકાતબારી આવતી હોવાથી તે દુર કરવાના પ્રયત્નો સફળ થયા. જો કે ઈ.સ.૧૯૨૭ના એ ફરી શરુ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના બંદરોના વિકાસને કારણે મુંબઈ અને કરાંચીના વેપારને માઠી અસર થઇ હતી.

**અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન-** ગાંધીજી ચંપારણમાં વ્યસ્ત હતા ત્યારે ખેડામાં નિષ્ફળ ગયેલ પાક અને મહેસુલ બાબત મોહનલાલ પંડયા અને શંકરલાલ પરીખનો તેમજ અનસુયાબેનનો મજુરસંઘ બાબતનો કાગળ મળ્યો. મજૂરોનો પગાર ટૂંકો હતો તેમની પગાર વધારાની માંગણી લાંબા સમયથી હતી અને પ્રથમ વિશ્વ યુદ્ધના કારણે સ્થાનિક મિલ માલિકોને સારો એવો ફાયદો પણ થયો હતો તેમ છતાં મિલ મજૂરોની માંગણીઓનું નિવારણ આવ્યું ન હતું. મિલ મજુરોના પ્રશ્ન બાબતે ગાંધીજીના જ શબ્દોમાં જોઈએ, “મારી સ્થિતિ અતિશય નાજુક હતી. મજૂરોનો કેસ મને મજબુત જણાયો અનસુયાબેનને પોતાના સગા ભાઈની જોડે લડવાનું હતું. મજુરો અને માલિકોની વચ્ચેના આ દારુણ યુદ્ધમાં શ્રી અંબાલાલ સારાભાઇએ મુખ્ય ભાગ લીધો હતો. મિલમાલિકો સાથે મારો સંબંધ મીઠો હતો. તેમની સાથે લડવું એ વિષમ કામ હતું. તેમની સાથે મસલતો કરી તેમને મજૂરોની માંગણી વિષે પાંચ નીમવા વિનવ્યા. પણ માલિકોએ પોતાની અને મજૂરોની વચ્ચે પંચની દરમ્યાનગીરી હોવાની યોગ્યતાનો સ્વીકાર ન કર્યો” ગાંધીજીની આ

નોંધ ગણું બધું કહી જાય છે, કે સત્યની લડાઈમાં કોનો પક્ષ લેવો જોઈએ? એ સ્થિતિમાં તેઓ નીડર પણે નિર્ણય લેતા હતા. આમ ગાંધીજી એ મજુરોને યોગ્ય પગાર મળતો નથી એ બાબતે ૩૫% પગાર વધારાની માંગણી મિલમાલિકો સમક્ષ મૂકી. મિલમાલિકો ૨૦% થી વધારે આપવા તૈયાર ન હતા, જ્યારે મજૂરોની ૫૦% પગાર વધારાની માંગણી હતી. ગાંધીજી એ આ ઝગડો પંચને સોંપવા માંગણી કરી. માલિકોએ પંચ નીમવાની માંગણી ગ્રાહ્ય રાખી; પણ થોડાક મજુરો એ કરેલી હડતાલની કસુર આગળ ધરી તેઓ ફરી બેઠા. ત્યારબાદ ગાંધીજીએ મજૂરોમાં આવેલી નબળાઈ જોઇને ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય ત્રાગું નહોતો. અંતે આનંદશંકર ધ્રુવની લવાદી સ્વીકારાઈ અને તેમણે મજૂરોની માંગણી વાજબી ઠરાવી અને પ્રથમ દિવસે ૩૫%, બીજા દિવસે ૨૦% અને બાકીના ગાળાના દિવસો માટે ૨૭.૫% વધારો આપવાનો ચુકાદો આપ્યો આ રીતે લવાદ દ્વારા ઝઘડો પતવાની પ્રથા શરૂ થઇ. અને આ લડતને પરિણામે ઈ.સ.૧૯૨૦માં અમદાવાદમાં 'મજુર મહાજન સંઘ'ની સ્થાપના થઇ.

**ખેડા સત્યાગ્રહ-** ખેડા જીલ્લામાં ઈ.સ.૧૯૧૭માં વર્ષાઋતુમાં અતિવૃષ્ટિ થવાથી પાક નિષ્ફળ ગયો. છ આની પાક થાય તો મહેસુલ અડધું અને ચાર આનીથી ઓછો થાય તો મહેસુલ મુલતવી રાખવામાં આવતું. આમાં પણ સરકારી અમલદારો મનસ્વી રીતે વર્તતા હતા. પાક છ આની થી ઓછો ઉતર્યો હોવાથી મહેસુલ મુલતવી રાખવા વિનંતી કરવા સૌ પ્રથમ અરજી મોહનલાલ કામેશ્વર પંડ્યાએ શંકરલાલ પરીખની પ્રેરણાથી નડિયાદ હોમરુલની શાખા દ્વારા ૧૮,૦૦૦ અને કઠલાલ દ્વારા ૪૦૦૦ની સહીઓ કરાવીને અરજી ૨૦ નવેમ્બર ૧૯૧૭ના રોજ મુંબઈ સરકાર ઉપર રવાના કરવામાં આવી.

આ અરસામાં જીલ્લા કલેકટરે કપડવંજ તાલુકાના અનાવારી આંકડા મંગાવી મહેસુલ ભરવા તાકીદે હુકમ કાઢ્યો અને ગામે-ગામે સખ્તાઈના ઉપાયો લેવા માંડયા, આથી આખા જીલ્લામાં ભારે અસંતોષ વ્યાપ્યો તથા આ સમયે લગભગ આખા જીલ્લામાં પ્લેગનો ઉપદ્રવ હતો. એક મુસલમાન ખેડૂતે કહ્યું કે, "ગામ આખામાં કાળો કેર વર્તી રહ્યો છે, બે દિવસથી લોકોને ત્યાં રાંધવાના ધાન નથી. જ્યારે બીજી તરફ સરકારી અમલદારો મહેસુલ ઉઘરાવવા માટે અમાનુષી અત્યાચારો આચરે છે સ્ત્રી વર્ગની હાજરીમાં નકરી ગાળોનો વરસાદ વર્ષાવે છે. ઘર વેચો અને ના છુટકે છેવટે બૈરા છોકરા વેચો પણ સરકારના પૈસા ભરીઆવો. અસહ્ય જુલમ ગુજરી રહ્યા છે."

એક તરફ પ્રજાના આગેવાનો રાહત માટે મંથન કરતા હતા, બીજી તરફ સરકારી અમલદારોએ સરક્યુલર બહાર પાડ્યો તેમાં જણાવવામાં આવ્યું કે, "કઠલાલ હોમરુલ લીગ તરફથી લોકોનો સરકારી મહેસુલ નહિ ભરવા બાબતે ભાષાનો કરી જાહેર ખબરો વહેચી લોકોને સમજાવવામાં આવે છે છતાય સરકારી મહેસુલ નહિ ભરેતો સખ્તાઈના પગલા લેવામાં આવશે"

ગાંધીજીએ ચંપારણથી આવી ખેડાના પ્રશ્નો વિશે રસ લીધો. ૨૮ ફેબ્રુઆરીના રોજ વડથલ ગામના એક ખેતરમાં મહેસુલ અંગેની આનાવારી કાઢી સરકાર પાસે રજુ કરી. પરંતુ મામલતદારે આ આંકડા માન્ય રાખ્યા નહિ. બીજી તરફ તાલુકાની હપ્તાની મુદત શરૂ થઇ ગઈ

આથી કટોકટીના પ્રસંગે ગાંધીજીની સલાહ ઉપયોગી થઇ પડી. તેમણે ભાષણ કરતા કહ્યું કે,"પ્રજા પાસે બે હથિયાર છે યા તો બંડ કરવું અથવા તો સત્યાગ્રહ આદરવો. સત્યાગ્રહનો આશરો લઇ દુ:ખ સહન કરી શુદ્ધ ન્યાય મેળવવા મારી ખાસ હિમાયત છે. તેજ ખરો ક્ષાત્ર ધર્મ છે બ્રિટીશ સરકારને માટે આ હથિયારથી ખાતરી કરી આપવી છે કે, પ્રજાને શુદ્ધ ન્યાય મળી રહે છે. ગાંધીજી કમિશનર મિ.પ્રેટને મળ્યા બાદ આ લડતે બંને પક્ષે બરાબર મોરચો માંડયો. આ બનવાના પરિણામ સ્વરૂપે સરકારે ગામડાઓની જપ્તીઓ કરવા માંડી. લોકોને હેરાન કરવા, તેમની ભેંસો, ઘરવખરી વગેરે લઇ જવા માંડયા. જયારે બીજી બાજુ મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ ગામે-ગામ લડત વિશે સમજાવતા અને પ્રતિજ્ઞા લેવડાવતા હતા."

૨૯ માર્ચના રોજ નડિયાદમાં ભાષણ કરતા સરદારે કહ્યું કે, "આ લડતથી આખો દેશ સળગી ઉઠશે દુ:ખ સહન કાર્ય વિના સુખ મળતું નથી અને એ મળેતો લાંબો વખત ટકતું નથી મક્કમ અને મજબુત વિચારની પ્રજા હોય તે રાજ્યની શોભા છે. નાલાયક અને બીકણ પ્રજાની વફાદારીમાં માલ નથી નીડર અને સ્વમાન જાળવી રાખનારી પ્રજા વફાદારી બતાવે છે."

બીજી તરફ સરકારી અધિકારીઓએ બળ જબરીથી મહેસુલ વસુલ કરવા પોતાનું સમગ્ર બળ અજમાવી જપ્તીઓ શરૂકરી ખેડા જીલ્લાના આસપાસના ગામોના ઢોર, દર-દાગીના અને વાસણોની હરાજી થવા માંડી. ગાંધીજી ૧ એપ્રિલના રોજ નડિયાદ આવ્યા અને એક સભા બોલાવી. તેમાં બહેનોને કહ્યું કે, "તમે તમારા ધણીઓને પરણ્યા છો, ઘરેણા કે ઢોરને નહિ, તમારા ધણીએ લીધેલ પ્રતિજ્ઞા પાળવામાં તમારે મદદ કરવી જોઈએ, તે તમારો ધર્મ છે"

આ લડતનો રંગ દિનપ્રતિદિન જામતો હતો. અમલદારો અને સ્વયંસેવકો ગામડામાં ફરતા હતા. એક તરફ લડત વિશે આખા દેશની મીઠી નજર હતી, જયારે મુંબઈ સરકારે તા.૨૪/૦૪/૧૯૧૮ના રોજ એક યાદી બહાર પાડી તેમાં જણાવ્યું કે ખેડાની આ ચળવળ મિ.ગાંધીના કપોલકલ્પિત ખ્યાલ ઉપર આજ સુધી રચાયેલી છે, ત્યારબાદ ગાંધીજીએ નડિયાદ આવી આગેવાનો તથા સથાનિક કાર્યકર્તાઓની મુલાકાત લીધી. નડિયાદના વતની શ્રી ગોકુળદાસ દ્વારકાદાસ તલાટીએ પ્રમુખ સ્થાન લીધાબાદ ગાંધીજીએ સત્યાગ્રહ લડતનો પાયો નાખતા ખેડા જીલ્લાના ખેડૂતો પ્રત્યે ઉદગારો કાઢ્યા. "જે પ્રસંગ માટે આજે આપણે મળ્યા છીએ તે એટલો કીમતી છે કે તેની યાદગીરી આપણા મનમાં હંમેશને માટે રહેશે. સરકાર દબાણ કરી વિઘોટી લે એ અશક્ય છે સરકાર આપણી માંગણી કબુલ ન કરે તો આપણે સરકારને કહેવું જોઈએ કે, અમે મહેસુલ ભરવાના નથી અને તે માટે અમારે જે સહન કરવું પડે તે ભોગવવા તૈયાર છીએ સત્યની ખાતર આગ્રહપૂર્વક ના કહેવું તેનું નામ સત્યાગ્રહ"

અંતે ગાંધીજી અને મામલતદાર વચ્ચે વાટાઘાટોની રૂએ એમ નક્કી કરવામાં આવ્યું કે, સુખી ખેડૂતો મહેસુલ ભારે તો ગરીબ ખેડૂતોનું મહેસુલ માફ કરવાની શરતે સમાધાન કરવામાં આવ્યું. આ લડતથી ખેડૂતોમાં જાગૃતિ આવી. લોકોની યાદશક્તિની પરખ થઇ અને ગુજરાતમાં સત્યાગ્રહની જડ નખાઇ. આ લડત દ્વારા સરદાર પટેલ વકીલાત છોડી સેવાવ્રત સ્વીકાર્યું. ખેડાના

સત્યાગ્રહમાં ખેડૂતોએ તેમના શાંત, સૌમીય ખમીરના દર્શન કર્યા અને અહિંસક શક્તિનું લોકોને તેમણે પારખું કરાવ્યું.

**અસહકારની ચળવળ(ઈ.સ.૧૯૨૦-૨૧)-** દેશમાં અસહકારની ચળવળના પ્રારંભના અંકુર અલહાબાદમાં ફૂટ્યા હતા. કેન્દ્રિય ખિલાફત સમિતિના ઉપક્રમે તા.૦૧/૦૪/૧૯૨૦ના રોજ આગેવાનોની એક બેઠક મળી હતી. આ બેઠકમ અલહાબાદમાં અસહકારની ચળવળનો આરંભ કરવાનો નીરનાય લેવામાં આવ્યો. ઈ.સ.૧૯૨૦ની નાગપુરની મહાસભાએ સમગ્ર હિંદને અસહકારનો કાર્યક્રમ અપનાવી લેવાની હાકલ કરી. કોંગ્રેસે અસહકારની સીધી લડતનો આરંભ કર્યો હતો. આ ચળવળના બે પાસા હતા.

૧).હકારાત્મક ૨) નકારાત્મક

૧). હકારાત્મક

-સ્વદેશી માલનો ઉપયોગ

-રાષ્ટ્રીય શિક્ષણ

-ચરખા વિકાસ

-હિંદુ-મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતા નિવારણ

૨).નકારાત્મક

-વિદેશી માલનો બહિષ્કાર કરવો

-સરકારી ખીતાબોનો ત્યાગ

-સરકારી દરબારો અને સભાઓનો ત્યાગ

-ધારાસભા અને ચુંટણીઓનો ત્યાગ

-સરાકારી શૈક્ષણિક સંસ્થાઓ, ઓફિસો તથા અદાલતોનો ત્યાગ

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે 'ખિલાફત' (તુર્કી સુલતાન ખલીફા) ને બચાવવા માટેનો પ્રશ્ન ઉદ્ભવ્યો ગાંધીજી એમ માનતા હતા કે આ પ્રશ્નમાં મુસલમાનોને સહકાર આપવાથી હિંદુ-મુસ્લિમ એકતાનો વિકાસ થઇ શકશે. માર્ચ ૧૯૨૦મા કલકત્તામાં મળેલી ખિલાફત પરિષદે જાહેર કર્યું કે, "ખીલાફ્તના ઉદ્દેશોને પ્રાપ્ત કરવામાટે અસહકાર જ ઉત્તમ સાધન છે." જેથી ગાંધીજી એ પ્રજાને સેના સિવાયના સરકારી પાડો અને માનદ પદોનો ત્યાગ કરવા હાકલ કરી. ૧૯મી માર્ચ, ૧૯૨૦ના દિવસે મુંબઈમાં અને હિંદના અનેક સ્થળોએ હડતાલ પાડવામાં આવી અને જાહેર સભાઓ યોજવામાં આવી. આ દિવસે થયેલા વિરોધ પ્રદર્શનનું સફળ આયોજન મહદઅંશે ગાંધીજીને આભારી હતું. ૧૩માર્ચ, ૧૯૧૯મા જલિયાવાલા બાગ હત્યાકાંડ વખતે સમગ્ર હિંદમાં સભાઓ યોજી શકાશે એ ખાતરી મંગાવવામાં આવી કે, માર્શલ લો દરમિયાન પંજાબમાં બનેલ ઘટનાઓનું પુનરાવર્તન ન થાય એવા પગલા લેવામાં આવે થોડાક દિવસો પછી પ્રસિદ્ધ થયેલ હંટર સમિતિના અહેવાલમાં બ્રિટીશ અધિકારીઓને નિર્દોષ બતાવવામાં આવ્યા. પરિણામે દેશનું વાતાવરણ વધુ ઉગ્ર બન્યું.

અહેવાલના પ્રકાશનના બે દિવસ બાદ (૩૦,મે ૧૯૨૦) બનારસમાં મળેલ ઓલ ઇન્ડિયા કોંગ્રેસ સમિતિએ ગાંધીજીના આગ્રહથી રાષ્ટ્રીય મહાસભા કોંગ્રેસને દેશમાં અસહકાર આંદોલન શરૂ કરવા ભલામણ કરી. સપ્ટેમ્બર ૧૯૨૦મા કલકત્તા મુકામે લાલ લજપતરાયની અધ્યક્ષતામાં મળેલ કોંગ્રેસના ખાસ અધિવેશનમાં એની બેસન્ટ, પંડિત માલવિયા અને ઝીણા જેવા નેતાઓનો વિરોધ હોવા છતાંય ૧૮૫૫ વિરુદ્ધ ૮૭૫ મતે ગાંધીજીનો અસહકાર અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ડૉ.બી.એમ.ટાંક દ્વારા ઉલ્લેખિત સ્વામી પરીવ્રાજકના શબ્દો, "ગાંધીજીનો આ વિસ્મયકારી વિજય હતો." આ વિજયે ગાંધીજીને હિંદના અભીષિત રાજા બનાવ્યા. રોલેટ એક્ટ અસહકાર આંદોલનનો જન્મદાતા હતો. સ્વામી સત્યદેવ પરિવ્રાજકના મતે કોંગ્રેસના નાગપુર અધિવેશને લોકોમાં નવીન આશા જન્માવી હતી. હવે તેઓ બ્રિટીશ સરકારની બેજવાબદાર અને અનિયંત્રિત નોકરશાહી સામે શસ્ત્રો વગર સંઘર્ષ કરવાની મહાન વ્યુહરચના સમજ્યા હતા. તેઓને હવે ખાતરી થઇ હતી કે ઈશ્વરે તેઓને ગુલામીની બેડી માંથી મુક્ત કરવા એક મહાન નેતા મહાત્મા ગાંધીને તેઓની પાસે મોકલી આપ્યા હતા. અને સરકારને કોઈપણ જાતનો સહકાર આપ્યા વગર હકારાત્મક અને નકારાત્મક પાસાઓને ધ્યાનમાં રાખીને ગાંધીજીને અહિંસક લડત શરૂ કરું.

ઈ.સ.૧૯૨૧મા અમદાવાદમાં કોંગ્રેસનું ૩૬મુ અધિવેશન ભરાયું જેમાં ખુરશી ટેબલની જગ્યાએ ગાદીના તક્યા ગોઠવ્યા. ખાદી અને ગ્રામોદ્યોગના પ્રદર્શન ગોઠવાયું. શ્રી દેશબંધુની ધડપકડ થતાં શ્રી હકીમ અજમલખાને પ્રમુખ પદ સાંભળ્યું. નાગપુરમાં કોંગ્રેસના અસહકારના ઠરાવનો પ્રજાએ સરસ જવાબ આપ્યો. કોર્ટ અને કોલેજોનો બહિષ્કાર એટલો બધો થવા પામ્યો કે દેશ ભરમાં હજારો વકીલોએ વકીલાત છોડી, કોલેજના વિદ્યાર્થીઓએ કોલેજ છોડી અને ચળવળમાં ઝંપલાવ્યું. દેશ ભરમાં ઠેર-ઠેર રાષ્ટ્રીય વિદ્યાલય અને વિદ્યાપીઠો સ્થાપ્યા. ગાંધીજીએ કલકત્તા અને પટનામાં રાષ્ટ્રીય મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠો ખુલ્લા મુક્યા. ગુજરાત વિદ્યાપીઠ, કશી વિદ્યાપીઠ, બંગાળ રાષ્ટ્રીય વિદ્યાપીઠ, તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ તથા હજોર રાષ્ટ્રીય શાળાઓ આ વર્ષે શરૂ થઇ.

ના-કારની લડતનું જાણે કે માર્ગદર્શન આપવા ગાંધીજી બારડોલી પોહચ્યા કે તુરંત બનેલા બનાવે આખી પરિસ્થિતિ પલટી નાખી. ઉત્તરપ્રદેશના ગોરખપુર જીલ્લામાં આવેલા ચૌરાચૌરી ગામમાં અસહકારના સંબંધમાં નીકળેલા એક સરઘસ પર ૫ ફેબ્રુઆરી ૧૯૨૨ના દિવસે પોલીસે ગોળીબાર કરતા લોકો રોષે ભરાયા, દારૂગોળો ખૂટતા ૨૨ પોલીસો અને એક ઉપપોલીસ અધિકારી પોલીસચોકીમાં ભરાઈ ગયા. ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસચોકીને આગ લગાડતા બધાજ આગમાં ખાક થઇ ગયા.

આ હિંસક ઘટના બનાવથી ગાંધીજીને લાગ્યું કે પ્રજા હજી અસહકાર અને અહિંસાના ધર્મને સમજી નથી. બારડોલીમાં ૨૨ ફેબ્રુઆરીએ અસહકારની લડત મોકૂફ રાખવા માટે જણાવ્યું. અને કેદી પકડવા માટેની પ્રવૃતિઓ જેવી કે,-સરઘસો, જાહેરસભાઓ વગેરે બંધ રાખવા માટે જણાવ્યું લડત લડવાને બદલે એક કરોડ કોંગ્રેસ સભા સદો નોધાવવા, રેંટિયા પ્રચારની પ્રવૃતિ

આગળ વધારવાની સુચના આપવામાં આવી. ગાંધીજીની આવી પ્રતિજ્ઞા સામે જવાહરલાલે પણ જેલમાં બેઠા-બેઠા બળાપો કર્યો અને ઘણાજ કોંગ્રેસીઓ અસંતુષ્ટ થયા.

આમ, અસહકારની ચળવળની લડત રાજકીય ફલશ્રુતિ મોટી ન હતી તો પણ તેમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોની ફલશ્રુતિ ખુબ જ ગણનાપાત્ર હતી. અસહકાર આંદોલનને પરિણામે રાષ્ટ્રીય કોંગ્રેસનું કાર્યક્ષેત્ર ગામડા સુધી વિસ્તર્યું. રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામોદ્યોગનો કાર્યક્રમ આપ્યો. જેના લીધે પછીની રાષ્ટ્રીય લડતો વાસ્તવિક અર્થમાં લોક લડત બની હતી.

**બોરસદ સત્યાગ્રહ**-હવે ગાંધીજીના સંપૂર્ણ અનુયાયી બનેલા સરદાર સાહેબની આગેવાની અને તેમના માર્ગદર્શન હેઠળ બોરસદ તાલુકામાં બાબર દેવા અને બહારવટિયાનો ત્રાસ હતો પ્રજા આ બહારવટિયાને મદદ આપે છે એવો આરોપ મુકીને સરકારે પ્રજા ઉપર રૂપિયા ૨,૭૪,૨૦૦૦નો શિક્ષાત્મક વેરો નાખ્યો માથાદીઠ આ વેરની રકમ રૂપિયા ૨-૭-૦ થતી હતી. આ વેરને લોકોએ હૈડિયાવેરોનું નામ આપ્યું હતું. આ દંડ પ્રજાને દાઝ્યા પર ડામ જેવો હતો. એક તરફ બહારવટિયા અને બીજી તરફ સરકારનો ત્રાસ હતો. ગુજરાત પ્રાંતિક સમિતિએ તપાસ બાદ લોકોને આ વેરો ન ભરવાની સલાહ આપી અને લોકોને જપ્તી દંડ વગેરે સજા વહોરી સત્યાગ્રહ કર્યો. સરકારી પગલા અસફળ બનાવવા ગામે-ગામ સંગઠનો થયા અને સ્વયંસેવકો નગારા લઈને ઝાડ પર બેસીને લોકોને ચેતવી દેતા હતા. નગરાનો અવાજ સાંભળીને બધા ઘરોને તાળા દઈ દેતા હતા. આથી અમલદારોને જપ્તી કર્યા વિના પાછા ફરી જવું પડતું હતું. સરદાર પટેલ સરકાર ઉપર ગંભીર આક્ષેપાત્મક લેખો છાપામાં લખી નવા ગવર્નર લેસ્લી વિલ્સનને ખાસ અમલદાર મોકલી તપાસ કરવાની ફરજ પાડી હતી. સાચી પરિસ્થિતિની જાણ થતાં સરકારે પ્રજા ઉપર નંખાયેલો દંડ લેવાનું માંડી વાળ્યું. અને વસુલ થયેલ રૂપિયા ૯૦૦ની દંડની રકમ પરત કરી. આમ પ્રજાનો વિજય થયો.

**બારડોલી સત્યાગ્રહ**-બારડોલીની છેલ્લી જમાબંધી ઈ.સ.૧૮૯૬માં થઇ અને મુંબઈમાં ચાલતી જમાબંધી પ્રથા પ્રમાણે ફરી ૩૦ વર્ષે એટલે કે ઈ.સ.૧૯૨૬માં તેમાં રીવીઝન સુધારો કરવામાં આવ્યો. આ જમીન મહેસુલ આકારણી કરવાનું કામ શ્રી જયકરને સોપવામાં આવ્યું. તે સમયે તે સુરતના ડેપ્યુટી કલેકટર હતા. તેમને આ કામનો કશોજ અનુભવ ન હતો છતાંય ૧૯૨૫માં બારડોલી તાલુકાનું રીવીઝન તૈયાર કરી સરકારને મોકલી આપ્યું. જયકરે આખા તાલુકામાં ચાલતા મહેસુલના દરમાં ૨૫% નો વધારો સૂચવ્યો અને ૨૩ ગામોને નીચલા વર્ગ માંથી ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યા. અને આખા તાલુકાનું મહેસુલ ૩૦% વધારી દીધું. મૂળ જમીન મહેસુલ રૂપિયા ૫,૧૪,૭૬૨ હતું તેને બદલે રૂપિયા ૬,૭૨,૨૭૩ કરવની ભલામણ થઇ.

આવા સંજોગોમાં પ્રજાએ શું કરવું? શ્રી જયકરના રિપોર્ટ સામે તેમને ૧૯૨૬થી વિરોધ શરુ કર્યો. સરકારને અરજીઓ પણ મહેસુલના વિરોધમાં કરી. પણ યોગ્ય પ્રત્યુત્તર મળ્યો નહિ. કલ્યાણજી અને કુંવરજી નામના be આગેવાનો ગાંધીજી પાસે ગયા અને બારડોલી આવી ખેડૂતો પાસે સત્યાગ્રહની લડત લડવાની વિનંતી કરી. શ્રી વલ્લભભાઈ પટેલે સૌ પ્રથમ ના પાડી. ત્યાર

બાદ વલ્લભભાઈએ તેમને શાંતિથી સાંભળ્યા, અને કહ્યું કે, એકલો વધારો નહી આખું મહેસુલ ન ભરવા માટે જો ખેડૂતો તૈયાર હોય અને તેમ છતાંય ફના થવા માટે તૈયાર હોય, તો હું આવવા તૈયાર છું. આઠ દિવસમાં બધા ગામોમાં ફરી ચળવળનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. ગામે-ગામના લોક અભિપ્રાય જાણી લડતની તૈયારીના સમાચાર આપ્યા અને ગાંધીજીના આશીર્વાદ લઇ બારડોલી આવી પહોચ્યા. તા.૧૨મી એ ખેડૂતોની સભા બોલાવી સભાના સરદારે ખેડૂતોને કહ્યું કે, "આવા જોખમ ભરેલા કામ કરવાની ઈચ્છા ન હોય તો તેને પાર ન ઉતારજો. હારશો તો બારડોલીનું નાક અને દેશની લાજ બંને જશે. આ રાજ્ય આખું તમારા હાથમાં નભે છે. છતાંય તમારૂં ફરિયાદ કોઈ સાંભળતું નથી. માટે આ સરકાર સામે જવાબદારી ભરેલી લડત લડાવી જોઈએ. ખેડૂતોનો જવાબ મળ્યો કે, ગમે તે જાતના કષ્ટ સહન કરવા તૈયાર છીએ. પણ સરકારનો આવો અન્યાય કોઈ દિવસ સહન કરવા તૈયાર નથી."

આ લડતના સમાચાર છાપવા માટે પત્રિકાઓ પણ નીકળવા લાગી. શરૂઆતમાં પાંચ હાજર નકલો છપાતી હતી, પરંતુ ત્રણ મહિના વધારાની એક હાજર ચારસો નકલો આ ઉપરાંત છાપતા પણ ઓછી પાડવા લાગી. સત્યાગ્રહની સાથે સરકારે પણ પહેલો ભડકો કર્યો. વાલોડ અને બાજીપુરાના પંદર પ્રતિષ્ઠિત વણિકોને દશ દિવસમાં નવું મહેસુલ ભરી. દેવાની નોટીસો આપવામાં આવી. સાથે-સાથે જમીનો ખાલસા કરવાની નોટીસો આપવામાં આવી અને તેમાં જણાવ્યું કે, જો તમારી મહેસુલ ૧૨મી એપ્રિલ સુધીમાં નહી ભરો તો જમીનો ખાલસા કરીશું. સરકારે પહેલા જમીનો ખાલસા કરી અને જમીન મહેસુલ ન ભરતા લોકોની ભેંસો અને બળદોની જપ્તી શરૂ કરી. જપ્તીમાં વેઠીયાઓ ભેંસો થાણામાં લઇ જતા, પરંતુ પાછળથી ના પાડતા સરકારે મુંબઈથી લેભાગુ પઠાણો બોલાવ્યા જે ભેંસોને મારી મારીને થાણામાં લઇ જતા.

આ અરસામાં ધારાસભાના પ્રમખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલે ગાંધીજીને પત્ર લખી લડત પ્રત્યે સહાનુભુતિ વ્યક્ત કરી. એક બાજુ સરદારે કહ્યું કે, "બારડોલીમાં હવે આબરૂદાર સરકારનું રાજ રહ્યું નથી , પરંતુ ગુંડાઓ અને ચોર-લુંટારાઓનું રાજ છે. આ ગુંડાઓએ જમીન ખાલસા કરી છે. તેને કોઈ ખરીદશો નહિ; ખેડૂતોનું લોહી પીનારાઓને ઈશ્વર માફ કરશે નહિ. આપણી ઉપર સરકારે ખુબ જ તાપ કર્યો છે. અને એ તાપમાંથી અમૃતને બદલે ઝેર વરસે તો પણ અમૃત ગણી ગળી જવાની શક્તિ ઈશ્વર આપણે સૌને આપે."

મુંબઈના ગવર્નરએ ચુનીલાલ મહેતાને મુંબઈ બોલાવ્યા. તેમણે ખરડો તૈયાર કરી વલ્લભભાઈ પટેલ ઉપર મોકલ્યો. સુરતના સભ્યોએ સહીઓ કરી સરકારને રવાના કર્યો. સરકારનો જવાબ આવ્યો કે, સરકારે જવાબમાં સરદારશ્રીની બધી જ માંગણીઓ સ્વીકારી લીધી છે. આ સમાધાનથી ખુબજ નવાઈ લાગી અને સૌને ખુબ સંતોષ થયો. આ લડતથી વલ્લભભાઈને સરદારનું બિરુદ મળ્યું જે તેમની ઓળખ બની ગઈ.

**દાંડીકુચ**-ગાંધીજીએ જાહેર કર્યું કે, ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ કુચ કરીને તેઓ દાંડી પહોચી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કરશે. ગાંધીજીએ મીઠાની પસંદગી કેમ કરી હશે? મીઠું દેશના તમામ લોકોના રોજિંદા વપરાશની વસ્તુ હતી. સરકારની નીતિના કારણે મીઠું મોઘું બન્યું

હતું. અઢી આને (૧૫નવા પૈસા) મણ મળી શકે તેવું મીઠું સૌને સવા રૂપિયે લેવું પડતું. મીઠા પર કર નાખવાનો પ્રારંભ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કર્યો હતો. કંપનીની લાલચુ વૃત્તિ વધતી ગઈ અને મીઠાનો વેપાર કંપનીને હસ્તક આવતો ગયો. આ મીઠાના અન્યાયી કાયદા સામે ગાંધીજી એ અહિંસક લડતનું શાસ્ત્ર ઉગામ્યું ત્યારે બંદુકો-પિસ્તોલો અઢળક હથિયારો ધરાવનાર અંગ્રેજોના હાજા ગગડી ગયા હતા. ગૌતમ બુદ્ધે જેમ જીવનના તમામ સુખ ચેનોનો ત્યાગ કરીને 'મહાભિનિષ્ક્રમણ' કર્યું હતું તેમ જ ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ પોતાના ૭૯ સ્વાતંત્ર્ય સૈનિકો સાથે અંગ્રેજ સરકારની મીઠાના કાયદાની ઈજારાશાહી તોડવા દાંડીકુચ કરી હતી. આ કુચ પૂર્વે ૫ માર્ચ, ૧૯૩૦ના રોજ સાંજે સાબરમતી આશ્રમમાં ગાંધીજીએ કહ્યું હતું કે, "દાંડી યાત્રામાં જે આશ્રમવાસીઓ જોડવા ઈચ્છે તે જોડાઈ શકે છે. કોઈને જોડાવવા હું કહેવાનો નથી, પરંતુ શરત એ છે કે દેશના આઝાદીના યજ્ઞમાં હોમાઈ જવાનું છે. પાછા ફરવાનું નથી." ભારતની સ્વતંત્રતા માટે ગાંધીજીએ દાંડી ગામના દરિયા કિનારે જઈ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું તે સાથે જ સાબરમતી આશ્રમ એક તીર્થસ્થાન બની ગયો. દાંડીકુચનું દિવ્ય દ્રશ્ય જોવા માટે દેશ-વિદેશના લોકો, પત્રકારો અમદાવાદ આવી પહોચ્યા. સાંજની પ્રાથના સભામાં ગાંધીજીએ કહ્યું કે, "મારો જન્મ બ્રિટીશ સામ્રાજ્યના નાશ કરવા માટે જ થયો છે. હું કાગડા, કુતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પગ મુકવાનો નથી" ૧૨મી માર્ચ,૧૯૩૦ના દિવસે સવારે ૭૯ સ્વાતંત્ર્ય સૈનિકો સાથે કુચ કરી.

ગાંધીજીની આ દાંડીકુચ ૧૪મી માર્ચના રોજ માતર આવી પહોચી. અહિયાં સતીષ કાલેલકર અને કલકત્તાના ખડગ બહાદુરસિંહ જોડતા ગાંધીજી સહીત કૂચ કરનાર સ્વાતંત્ર્ય સૈનિકોની સંખ્યા ૮૧ની થઇ હતી. ૫ એપ્રિલ ગાંધીજી દાંડી પહોચ્યા. દાંડી તો મારું હરદ્વાર છે એમ કહ્યું. તે ૬ એપ્રિલે સવારે પ્રાર્થના કરીને સમુદ્ર સ્નાન કરી, ચપટી મીઠું ઉપાડતાની સાથે જ લોકોમાં ગગનભેદી નાદ ગાજી ઉઠ્યો. "નમક કા કાયદા તોડ દિયા" ગાંધીજીએ ધીરગંભીર વાણી ઉચ્ચારી કે, "બ્રિટીશ સલ્તનતના પાયામાં હું આજથી લૂણો લગાડું છું." તે સાથે મીઠાનો સત્યાગ્રહ કરવાની આખા દેશને જાણે કે લીલી ઝંડી મળી ગઈ.

આમ, ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહનો આરંભ કરતાની સાથે જ આખો દેશ સળગી ઉઠ્યો અને ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસમાં પ્રચલિત એવી બીજી મોટી લડતનું મંડાણ કર્યું. જેણે અંગ્રેજી શાસનની અમાપ શક્તિ પણ તેને બચાવી ન શકી.

**હિન્દ છોડો ચળવળ-** ૮ ઓગષ્ટ, ૧૯૪૨ની મધરાતે મુંબઈમાં મળેલી કોંગ્રસની મહાસમિતિએ 'અંગ્રેજો ચલે જાઓ' અને તેઓ હિન્દ ન છોડે તો એમની સામે પ્રચંડ દેશવ્યાપી બળવો જગાવવાનો ઠરાવ પસાર કર્યો. તેમાં પ્રવચનમાં ગાંધીજીએ, 'કરેંગે યા મરેંગે' નો મંત્ર આપ્યો. અત્યાર સુધીમાં દેશમાં અજમાવવામાં આવેલી સત્યાગ્રહની વિવિધ અને તમામ રીતનો ઉપયોગ કરવાનો આદેશ આપવામાં આવ્યો. ચળવળનો આરંભ કરતા પહેલા ગાંધીજી વાઈસરોયને મળીને સમાધાનનો છેલ્લો પ્રયાસ કરવા પ્રયત્નશીલ હતા. એક તરફ હિંદના નેતાઓની સહમતી વિના ભારતને બીજાવિશ્વ યુદ્ધમાં ધકેલી દીધું. બીજી તરફ આઝાદ હિન્દ ફોજે અંગ્રેજો સામે

ભારતની મુક્તિની લડત શરૂ કરી. ત્યારે સત્યાગ્રહીઓ પણ સંપૂર્ણ તાકાતથી સરકાર સામે બળવો પોકાર્યો. આ આંદોલનમાં ગુજરાતે પણ રંગ રાખ્યો. અમદાવાદના મિલ મજુરોએ સાડા ત્રણ માસ સુધી હડતાળ જાળવી રાખી. અન્ય કારખાના અને બજારો પણ બંધ રહ્યા. શાળા-કોલેજો ૬ થી ૮ મહિના બંધ રહી. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ 'હિન્દ છોડો'ના ઠરાવણે બહાલી આપી અને તેથી તા.૨૩-૦૯-૧૯૪૨ના રોજ એની બરતરફી થઇ. સાથે-સાથે ૧૬મી ઓક્ટોબરથી મ્યુનિસિપાલિટીના કામદારો પણ હડતાળ ઉપર ઉતર્યા.

ઓગષ્ટની ૮મી તારીખે ગુજરાત કોલેજના છાત્રાલયમાં એકઠા થયેલા વિદ્યાર્થીઓને રવિશંકર મહારાજે લડતમાં ભાગ લેવા હાકલ કરતા ૨૦૦૦ વિદ્યાર્થીઓ અને ૨૦૦ વિદ્યાર્થીનીઓએ સરઘસ કાઢ્યું હતું. ગુજરાત કોલેજ નજીક પહોંચેલા સરઘસ ઉપર પોલીસે લાઠીમાર કર્યો અને સરઘસને અટકાવ્યું. સરઘસ ન વિખરાતા પોલીસે ગોળીબાર કર્યો. વિદ્યાર્થીઓ પૈકી વિનોદ કિનારીવાલા વગેરે કોલેજ કમ્પાઉન્ડમાં ધ્વજ સાથે પ્રવેશ્યા. એમણે છાતી ખુલ્લી કરી પોલીસ સામે પડકાર ફેંક્યો અને એ પોલીસની ગોળીથી વિંધાઈ ગયા અને શહીદ થયા. ૧૬મી ઓગષ્ટના દિવસે 'રાષ્ટ્રીય વિદ્યાર્થી સંગ્રામ સમિતિ' રમણલાલ શાહના પ્રમુખપણા નીચે રચાઈ. તેઓ લડતના સમાચારો આપતી ગુપ્ત વિદ્યાર્થી પત્રિકા બહાર પાડતા હતા. આ લોકો શાળા-કોલેજો પર પિકેટિંગ ગોઠવીને હડતાળણે અનુમોદન આપતા હતા. તા.૧૫-૦૯-૧૯૪૨ના રોજ વિદ્યાર્થી દિનની ઉજવણી કરાઈ અને ગુજરાત કોલેજ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ટેલીફોનના તાર પણ કપાયા અને થાંભલા પણ ઉખેડી નંખાયા હતા. સપ્ટેમ્બરમાં સરસપુર વિસ્તરામાં પોસ્ટ ઓફિસને આગ લગાડવામાં આવી.

આ લડતના સમાચાર ઇન્કલાબ, રાજદ્રોહ, કોંગ્રેસ પત્રિકા, આઝાદ હિન્દ તણખા, વિદ્યાર્થી પત્રિકા વગેરે દ્વારા મળતા હતા. આ માટે જુદા-જુદા સ્થળોએથી પત્રિકાઓનું પ્રકાશન થતું હતું. ગુજરાત વિદ્યાપીઠ તરફથી પણ ખાસ પત્રિકાઓ બહાર પડતી હતી.

ભૂગર્ભમાં રહીને લડતમાં ભાગ લેનારાઓ માટે 'યુદ્ધવેરો' તરીકે રૂપિયા ૨૧૦૦૦ એકત્ર કરાયા હતા. કેટલાક દેશી રાજ્યોમાં સભા, સરઘસ, હડતાળ, પત્રિકા પ્રકાશન વગેરે પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી. ભાવનગરમાં ૯મી ઓગષ્ટના દિવસે કેશવલાલ ઠક્કરના પ્રમુખાપણા નીચે સભા મળી હતી. જગુભાઈ પરીખને લડતનું નેતૃત્વ લેવા યુદ્ધના કાર્યક્રમને મદદ થાય એવી પ્રવૃતિઓ બંધ કરવા પિકેટિંગ કરવાનો નિર્ણય થયો હયો. દરબારગઢ ચોકમાં દરરોજ લડતના સમાચાર છપાતા હતા. લડતના સમાચાર માટે 'જંગે આઝાદી' નામની પત્રિકાનું કામ બાબુભાઈ શાહે ઉપાડી લીધું હતું.

પંચમહાલમાંથી ૯મી ઓગષ્ટના રોજ માણેકલાલ ગાંધી અને મારૂતીસિંહની કલોલમાંથી ધડપકડ કરવામાં આવી હતી.ત્યાં અંગ્રેજી હાઇસ્કુલ-કલોલની શાળામાં એક માસ સુધી વિદ્યાર્થીઓએ હડતાળ પડી હતી. જીલ્લા લોકલ બોર્ડ આ ચલાવાલાને ટેકો આપ્યો હતો. કમળાશંકર પંડયા, ડાહ્યાભાઈ લોખંડવાલા, રસિકલાલ કડિયા, મામસાહેબ ફાળકે વગરને પકડી લાંબી કેદની સજા કરવામાં આવી હતી. નટવરલાલ માસ્તરને સાઇકલોસ્ટાઇલ મશીન રાખવા

બદલ ૨૫ દિવસ લોકઅપમાં રાખ્યા હતા તથા ગેરકાયદેસર પત્રિકા રાખવા બદલ ૯ માસની સજા થઇ હતી. વડોદરા રાજ્યમાં અગ્રગણ્ય કાર્યકરોની ધડપકડ કરાઈ હતી. કેટલાક યુવાનો બોંબ બનવવાની કે ભાંગફોડ પ્રવૃતિઓમાં જોડાયા હતા. અમરેલી અને પાટણની હાઇસ્કૂલો અને કન્યા શાળા બાળવામાં આવી હતી. ધરી-અમરેલી વચ્ચેના તાર કેશુભાઈ વગેરેએ કાપ્યા હતા. રતુભાઈ અદાણીને પણ ભાંગફોડ પ્રવૃતિમાં ભાગ લીધો હતો. ઇસંડ-કલોલ વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હતો.

૧૯૪૨ની લડત દરમિયાન કસ્તુરબા અને મહાદેવભાઈ દેસાઈનું આગાખાન મહેલમાં મૃત્યુ થવાથી ગાંધીજીએ આ ઘટનાથી વ્યથિત થઇ ૨૧ દિવસના ઉપવાસ કર્યા હતા.

આમ, હિન્દ છોડો લડત દરમિયાન ગુજરાતમાં અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત અને પંચમહાલ જીલ્લાઓ અને વડોદરા તથા ભાવનગર જેવા દેશી રાજ્યોએ પણ મહત્વનો ફાળો આપ્યો હતો. આમ, ગુજરાતે હિંસક તથા અહિંસક રીતે બ્રિટીશ સરકારની નીતિનો સામનો કર્યો હતો.

**સમાપન**-મારું જીવન એ જ મારો સંદેશ આવું કહેનાર ગાંધીજીના જીવનને વર્તમાન સમયમાં જીવવો એ ખરે-ખર અકલ્પનીય બાબત કહેવાય. આ મહાન હસ્તીએ પોતાનું સમગ્ર જીવન દેશની સ્વતંત્રતા માટે ખર્ચી નાખ્યું. સાદાઈ, સ્વચ્છતા, અહિંસા અને સામાજમાં દરેકને એક સમાન માનનાર ગાંધીજીએ એક અશક્ય કહી શકાય એવા અહિંસાના શસ્ત્રથી સામ્રાજ્યવાદીઓ સામે મોરચો માંડ્યો હતો. આઝાદીની લડતમાં ગુજરાત એ સમગ્ર ભારતનું કેન્દ્ર સ્થાન હતું ગાંધીજીએ ગુજરાતને પોતાની લડતનું મથક બનાવ્યું અને અહીંથી આખા હિંદની લડત લડાતી હતી. સાથે-સાથે રચનાત્મક પ્રવૃત્તિયો તો ખરી જ. ગુજરાત વિદ્યાપીઠ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા ગુજરાતમાં સ્થાપી જે ખરે-ખર ગૌરવની બાબત કહેવાય આજે પણ આ સંસ્થામાં એમના વિચારોની અસર દેખાય રહી છે.

**સંદર્ભ સૂચી-**


1. રાજગોર,શિવપ્રસાદ,'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ',યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,પંચમી આવૃત્તિ,૨૦૧૭.
2. ગાંધી,મો.ક.,'સત્યના પ્રયોગો', નવજીવન,અમદાવાદ,૨૦૧૨.
3. દેસાઈ, મહેબુબ,'ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના',ગુર્જર ગ્રંથ રત્ન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૨૦૦૧.
4. ભટ્ટ,દોલત,'આઝાદી આંદોલન',માહિતી ખાતું,ગાંધીનગર,પ્રથમ આવૃત્તિ,૧૯૮૩.
5. ધારૈયા,રમણલાલ,કે.,'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો,ભાગ-૨,યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૧૯૯૩.
6. દેસાઈ, મહેબુબ,'આઝાદીના પગરવ', પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ,૨૦૦૦.
7. પરીખ,રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ,'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ભો.જે.વિદ્યાભવન,પ્રથમ આવૃત્તિ,અમદાવાદ,૧૯૭૩.